

ગાંધીનગર ખાતે ગુજરાત પ્રદેશ મહિલા ભાજપની કારોબારીની બેઠક ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. આગામી લોકસભાની ચૂંટણી અને રાજય સરકારના વિકાસના કામો સંદર્ભે વિવિધ પદાધિકારીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. રાષ્ટ્રીય મહિલા મોરચાના સુશ્રી સ્મૃતિ ઈરાની અને મંત્રીમંડળના મહિલા મંત્રીઓ શ્રીમતી આનંદીબેન અને શ્રીમતી વસુબેન ઉપરાંત પ્રદેશ હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. (તસવીર : દિપક જાની)

# કોંગ્રેસ મૂક્ત ભારત કરવા નરેન્દ્ર મોદીની હાકલ

પૂણે,તા. ૧૪

ભારતીય જનતાપાર્ટીના પ્રચાર સમિતિના અધ્યક્ષ અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પૂણેના ફરગ્યુશન કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. મોદીએ આ વાતચીતમાં કેન્દ્ર સરકાર પર એક પછી એક આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યુ હતુ કે ઘણા વિચાર આ યુવાનોના જ છે. માર્ગદર્શન આપવા મોદીએ યુવાનોને અપીલ કરી હતી. મોદીએ એમપણ કહ્યુહતુ કે અમારા દેશની વસ્તીમાં ૬૫ ટકા યુવાનો છે. અમે ખૂબજ ખુશનસીબ છીએ કે દુનિયામાં સૌથી યુવાન લોકો ભારતમાં છે. અમારી પાસે વિશ્વને દિશા આપવાની ક્ષમતા છે. પરંતુ દેશની સ્થિતિ જોઈને યુવા ટીમ તેમના પ્રવાસ નક્કી કરી રહી છે. લોકસભા ચૂંટણી પહેલા મોદીની યોજના દેશના દરેક રાજયોમાં આ પ્રકારની સભાઓને સંબોધન કરવાનું છે.

મોદીએ ફુડ સિક્યુરિટી બિલ મામલે કહ્યુ હતુ કે યુપીએ સરકાર લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. માત્ર બિલ લાવીને ગરીબો સુધી અનાજ પહોંચી જશે નહીં. ભોજન લોકોને મળે તે અતિ જરૂરી છે. રાષ્ટ્ર નિર્માણ માટે ટેલેન્ટની જરૂર ઉભી થઈ છે. ગુજરાત સરકારે શિક્ષણ અને અન્ય સેક્ટરોમાં જે સિદ્ધિઓ હાંસલ કરી છે તેની વાત પણ મોદીએ કરી હતી.

અમારી શિક્ષણ વ્યવસ્થા પહેલા મેનમેકિંગ હતી જે હવે મની મેકિંગ બની ગઈ છે. ફુડ સિક્યુરિટી કાર્યક્રમના મામલે પણ મોદીએ યુપીએ પર તીવ્ર પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યુ હતુકે કે શિક્ષણ વ્યવસ્થાની હાલત પહેલાથી કફોડી બની ગઈ છે. જે રીતે અમેરિકાની શિક્ષણ વ્યવસ્થામાં સર્વાંગી વિકાસની તકો મળે છે તેવી જ રીતે અમારી ગુરુકુળ વ્યવસ્થામાં પણ રાજા અને પ્રજા તમામને એક સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા હતી પરંતુ અમારા દેશના વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ માટે યોગ્ય શિક્ષા મળી રહી નથી. મોદીએ કહ્યુ હતુ કે તેઓ સોશિયલ મીડિયા પર ખૂબજ સક્રિય છે. ખાસ કરીને ટ્વિટર પર સૌથી વધારે એક્ટિવ છે. સોશિયલ મીડિયા મારફતે દેશના તમામ ક્ષેત્રોથી વિદ્યાર્થીઓ તેમને પત્ર લખતા રહે છે. સોશિયલ મીડિયા ઉપરાંત ૨૫૦૦ વિદ્યાર્થીઓએ તેમને પત્રો લખ્યા છે. આ યુવાનો ઘણી સલાહ આપી રહ્યા છે. તેમના ભાષણમાં વર્ગ નિરાશ છે. દેશમાં ફેલાયેલી નિરાશાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યુ હતુ કે તેઓ નિરાશાની વાતને ક્યારે પણ સ્વીકારતા નથી. તેમણે ઉમેર્યુ હતુ કે ૧૨૦૦ વર્ષની ગુલામી છતાં દેશ મજબુતી સાથે ઉભુ છે. લોકમાન્ય તિલકે ગુલામીના તબક્કામાં અંગ્રેજોને પડકાર ફેંકીને સાહસનો પરિચય આપ્યો હતો. મોદીએ દાવો કર્યો હતો કે આઝાદી બાદ દેશની સરકારોએ એક પણ એવું કામ કર્યુ નથી જેનાથી અમે કહીં શકીએ કે અમે આ કામ કર્યુ છે. મોદીએ કહ્યુ હતુ કે ૧૭મી સદીના બંગાળમાં ૧૦૦ ટકા સાક્ષરતા હતી. કેરળમાં પણ ૧૦૦ ટકા સાક્ષરતા છે. મોદીએ કહ્યુ હતુ કે શિક્ષણના આધુનિકીકરણની જરૂર છે. પશ્ચિમી દેશો મુજબ ચાલવાની જરૂર નથી. આ કાર્યક્રમ બાદ મોદીએ અન્ય કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બન્યા બાદ નરેન્દ્ર મોદી દેશના દરેક મોટા શહેરમાં સંબોધન કરી રહ્યા છે. મોદી અને તેમની પ્રચાર શિક્ષણે દેશના વિકાસમાં અતિમહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જો અમે સારી શિક્ષણ વ્યવસ્થા ઈચ્છિએ છીએ તો અમને સારા શિક્ષકો પણ ઉભા કરવા પડશે જે પ્રાથમિકતાના આધાર પર હાથ ધરવામાં આવે તે જરૂરી છે. યુપીએ બિનસાંપ્રદાયિક વાદના નામે ઘણી બધી ચીજો છુપાવી રહી છે. જ્યાંસુધી કોંગ્રેસથી મુક્તિ મળશે નહીં ત્યાં સુધી લોકોને હેરાનગતિ દૂર થશે નહીં. કોંગ્રેસ મુક્ત ભારતનું સ્લોગન આપતા મોદીએ કહ્યુ હતુ કે સમસ્યાની મૂળ જડ કેન્દ્ર દ્વારા રમવામાં આવી રહેલી મતબેંકની રાજનીતિ છે. રૂપિયો સતત ઘટી રહ્યો છે છતાં સરકાર દ્વારા પગલા લેવાઈ રહ્યા નથી. મોદીએ કહ્યુ હતુકે ડોલર સામે રૂપિયાની કિંમત ટૂંકમાં જ નાણાંપ્રધાનની વય સુધી પહોંચી જશે.



# ગુજરાતમાં મગફળીનું બે વર્ષ બાદ ૧૦૦ ટકા વાવેતર

અમદાવાદ,તા. ૧૪

ગુજરાતમાં મોનસૂન વધુ ખેડૂતોના ચહેરા ઉપર ખુશી આવી ગઈ છે. મળેલી માહિતી મુજબ પણ વધારે વિસ્તારમાં વાવણી થઈ છે. કૃષિ વિભાગના અધિકારીઓનું ૨૦૦૭માં આમાં ઘટાડાની શરૂઆત થઈ હતી. કૃષિ વિભાગના વધવા લાગ્યું હતું. વધુને વધુ ખેડૂતો મગફળીથી કપાસ તરફ વધ્યા



સારી રીતે આગળ વધતાં વાવણીની ગતિ પણ વધુ ઝડપી બની ચૂકી છે. મગફળીની ૧૦૦ ટકા વાવણી બે વર્ષના લાંબાગાળા બાદ થઈ છે જેથી ખેડૂતોના ચહેરા ઉપર ખુશીનું મોજું ફળી વળ્યું છે. ખરીફ સિઝનમાં ઊંચું મગફળીનું ઉત્પાદન જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજ્યમાં ખૂબ સારો વરસાદ થઈ રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખૂબ સારો વરસાદ થયો છે જેથી રાજ્યમાં આ વખતે ૧૫ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીની વાવણી થઈ ચૂકી છે. ગયા વર્ષે આ ગાળા દરમિયાન ૨.૨ લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ હતી. ગુજરાતમાં ૧૪.૪૩ લાખ હેક્ટર વિસ્તારમાં સામાન્ય રીતે વિસ્તારમાં વાવણી થઈ હતી. ગુજરાતમાં ૧૪.૪૩ લાખ હેક્ટર વિસ્તારમાં સામાન્ય રીતે મગફળીની વાવણી થાય છે પરંતુ આ વખતે આનાથી કહેવું છે કે બે વર્ષના લાંબાગાળા બાદ મગફળીની ૧૦૦ ટકા વાવણી નોંધાઈ છે. ગુજરાતમાં મોનસૂનની સ્થિતિ વધુ મજબૂત બન્યા બાદ સ્થિતિમાં વધુ સુધારો થઈ શકે છે. ૧૯૬૧માં જ્યારે ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારે ૨૨.૬૮ લાખ હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર થયું હતું. ત્યારબાદ અન્ય અધિકારીઓનું કહેવું છે કે વાવણીના વિસ્તારની નોંધણી પણ ઘટી છે. ઉત્પાદનને પણ અસર થઈ છે. વર્ષ ૨૦૦૩-૦૪માં મગફળીનું ઉત્પાદન ૪૫ લાખ મેટ્રીક ટનને પાર કરી ગયું હતું. ત્યારબાદથી ઉત્પાદનમાં ઘટાડો થયો છે. કારણ કે ખેડૂતો કપાસ તરફ વધ્યા છે. વર્ષ ૨૦૦૪-૦૫માં કપાસનું ઉત્પાદન હતા. કુલ ઉત્પાદન પૈકી સ્થિતિમાં સુધારો નોંધાઈ રહ્યો છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે મગફળી સિંચાઈ હેઠળ ઉત્પાદન જમીનમાં હાલમાં ઘટાડો થયો છે. રાજ્યમાં નિયમિત વરસાદ થયો નથી જેથી ઉત્પાદનને અસર થતી રહી છે. મગફળી બિયાની ગુણવત્તાનો પ્રશ્નો પણ હમેશા રહ્યા છે.

## સ્નેક્સ ઈન્ડસ્ટ્રીના લીધે મગફળી વપરાશ વધ્યો

ગુજરાતમાં બે વર્ષના લાંબાગાળા બાદ મગફળીનું ૧૦૦ ટકા વાવેતર થયું છે. એકઅગ્રણી અંગ્રેજી અખબારમાં અહેવાલ પ્રકાશિત કરાયા બાદ સ્થિતિમાં સુધાર થઈ રહ્યો છે. બીજી બાજુ સ્નેક્સ ઈન્ડસ્ટ્રીના કારણે સ્થાનિક વપરાશમાં વધારો થયો છે. આ વર્ષે આશરે ૪૦ ટકા મગફળીનો ઉપયોગ તેલના નિર્માણમાં કરવામાં આવશે જ્યારે ૧૨ ટકા મગફળીનું ઉત્પાદન બીયા માટે અને પાંચ ટકા મગફળીની નિકાસ માટે ઉપયોગ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૬-૦૭માં આશરે ૭૦ ટકા મગફળી ઉત્પાદનનો ઉપયોગ તેલના નિર્માણમાં કરાતો હતો જ્યારે ૧૫ ટકા મગફળીનો ઉપયોગ સ્થાનિક વપરાશમાં કરાતો હતો પરંતુ છેલ્લા થોડાક વર્ષોમાં સ્થિતિમાં બદલાવ થયો છે. હવે માત્ર ૪૦ ટકા પાકનો ઉપયોગ તેલ માટે અને ૩૦ ટકા ઉપયોગ સ્થાનિક વપરાશ માટે કરવામાં આવે છે. અધિકારીઓના અંદાજ મુજબ આ વર્ષે આશરે ૪૦ ટકા મગફળીનો ઉપયોગ તેલના નિર્માણમાં કરવામાં આવનાર છે જ્યારે ૧૨ ટકા મગફળીનો ઉપયોગ બીયા માટે અને પાંચ ટકાની નિકાસ કરવામાં આવશે. આવી જ રીતે ૪૩ ટકા મગફળીનો ઉપયોગ સ્નેક્સ અને મીઠા સાથે સંબંધિત પિનર્સ જેવી સ્થાનિક વપરાશ માટે કરવામાં આવે છે. કુલ ઉત્પાદનના ૧૫ ટકા મગફળીનો ઉપયોગ સ્નેક્સ ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવે છે. નિકાસમાં પણ વધારો થયો છે.

# નરેન્દ્ર મોદી વાજપેયી બની શકે નહીં : સચિન પાઈલોટ

નવી દિલ્હી,તા. ૧૪

કેન્દ્રિય પ્રધાન સચિન પાઈલોટે આજે કહ્યુ હતુ કે મોદી ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી જેવી કોઈ વિશેષતા ધરાવતા નથી. ગુજરાતના નેતા માટે વાજપેયી જેવી પ્રતિષ્ઠા ઉભી કરવી શક્ય નથી. તેમણે એમ પણ કહ્યુ હતુકે મોદી પોતાને પોતે જ હિરો તરીકે સાબિત કરવાના પ્રયાસ કરી રહ્યા છે. મોદી પોતાના કદમાં પોતે વધારો કરવાના પ્રયાસમાં છે. ભાજપના અન્ય ઘણા નેતાઓ સમાધાનના મૂડમાં દેખાઈ રહ્યા છે. પરંતુ ભાજપના નેતાઓએ સમજવું જોઈએ કે રાતોરાત કોઈ રંગ બદલાવાના નથી. પાઈલોટે કહ્યુ હતુ કે લોકો કામગીરી, ઈમાનદારી અને બાબતોને ધ્યાનમાં લઈને જ મતદાન કરતા હોય છે. રાજસ્થાનમાં અજમેરમાંથી લોકસભાના સભ્ય ૩૬ વર્ષિય સચિન પાઈલોટે કહ્યુ હતુ કે મોદી પોતાને ભૂતપૂર્વ વડાપ્રધાનના અવતાર તરીકે રજુ કરવાના પ્રયાસમાં છે પરંતુ મોદી વાજપેયી નથી. આ ટિકા ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે મોદીએ હાલમાં જ એક વાતચીતમાંકહ્યુ હતુ કે તેઓ હિન્દુ રાષ્ટ્રવાદી નેતા છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ની રમખાણો વેળા યોગ્ય બાબતો તરફ આગળ વધ્યા હતા. ભાજપની ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકે મોદીની નિમણૂંક હાલમાં જ કરવામાં આવી હતી. હવે એવી અટકળો ચાલી રહી છે કે મોદીને ટૂંક સમયમાં જ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવશે. મોદી પોતે પોતાને હિરો બનાવી રહ્યા છે. તેમને પ્રોજેક્ટ કરવાની જરૂર છે. તેમની પાર્ટી અને પીઆર એજન્સીઓ ભાજપના ચહેરા તરીકે તેમને પ્રોજેક્ટ કરવા નાણાં ઠાલવી રહી છે. અડવાણી અંગે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે ભાજપના શક્તિશાળી નેતા પક્ષમાં સેક્યુલર ફેસ તરીકે પ્રોજેક્ટ થઈ ચુક્યા છે.



# છેલ્લા બે માસમાં ઇન્ફેક્શનના કેસમાં ૩૦ ટકા સુધીનો વધારો

અમદાવાદ,તા. ૧૪

અમદાવાદ શહેરમાં વરસાદનો મારો ચાલી રહ્યો છે ત્યારે ઈન્ફેક્શનના કેસોમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. હાલના આંકડા દર્શાવે છે કે વરસાદના લીધે ઈન્ફેક્શનના કેસોમાં ૩૦ ટકાનો ઉલ્લખનીય વધારો થયો છે. છેલ્લા બે મહિનામાં વાઈરલ અને શ્વાસ લેવા સાથે સંબંધિત રોગોના કેસોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. આવનાર દિવસોમાં સ્થિતિ વણસી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વરસાદના કારણે એક બાજુ લોકોને જરૂરી રાહત તીવ્ર ગરમીથી મળી છે પરંતુ સાથે સાથે ઘણી બિમારીઓ પણ વરસાદમાં આવી છે. તબીબોનું કહેવું છે કે બાળકો, પુખ્તવયના લોકો અને ડાયાબિટિશ અને બ્લડપ્રેશરનો ઈતિહાસ ધરાવતા લોકોમાં ઈન્ફેક્શનનો ખતરો અનેકઘણો વધારે રહ્યો છે. ઈએમઆરઆઈ ૧૦૮ના આંકડાઓ દર્શાવે છે કે તાજેતરમાં માર્ગ અકસ્માતો અને ઈન્ફેક્શનના કેસોમાં ઈમરજન્સીમાં વધારો થયો છે. ખાસ કરીને ભીના માર્ગના પરિણામે શ્વાસ સાથે સંબંધિત તકલીફો વધી છે. આંકડાઓ દર્શાવે છે કે એપ્રિલ મહિનામાં ઈએમઆરઆઈ ૧૦૮ દ્વારા ૬૫૩૪ ઈમરજન્સી નોંધવામાં આવી હતી જે મે મહિનામાં વધીને ૭૦૨૨ પર પહોંચી છે અને જૂન મહિનામાં આ આંકડો વધીને ૭૪૩૨ પર પહોંચ્યો છે. નામ જાહેર નહીં કરવાની શરતે અધિકારીઓએ કહ્યુ છે કે આ આંકડો જુલાઈ મહિનામાં ૧૦૦૦ સુધી વધી શકે છે. સરેરાશ મોનસૂનના ૪૪ ટકા સુધી વરસાદની સ્થિતિમાં આવી સ્થિતિ સર્જાયેલી છે. જૂન મહિનામાં અકસ્માત સંબંધીત ટ્રોમા કેસોમાં ૫૦ ટકાની આસપાસ વધારો થયો છે જે મેની સરખામણીમાં વધારે છે. આવી જ રીતે જૂન મહિનામાં ઈન્ફેક્શનના કેસો ૩૫૯ હતા જે મે મહિનામાં ૭૪ જેટલા હતા. તબીબોએ કહ્યુ છે કે હવામાનમાં એકાએક ફેરફારના કારણે પણ આની સીધી અસર થઈ રહી છે. હજુ કેસોમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ઈન્ફેક્શનમાં તીવ્ર વધરો થયા બાદ આને રોકવા માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. જાણકાર તબીબોનું કહેવું છે કે વરસાદની સિઝનમાં ગરમ પાણી પીવું જોઈએ સાથે સાથે જાહેર રસ્તા પર વેચાતી ચીજવસ્તુઓને ટાળવી જોઈએ. આ પ્રકારથી રોગચાળાને રોકવામાં સફળતા મળી શકે છે. આ ઉપરાંત ભીના વસ્ત્રોમાં વધારે સમય સુધી રહેવું જોઈએ નહીં. ઘણા લોકો રસ્તામાં વરસાદની સિઝનમાં પલડી જાય છે અને ત્યાર બાદ એરકન્ડીશન્ડ ઓફિસમાં બેસે છે તે વખતે પણ વસ્ત્રો ભીના જ હોય છે આ ખૂબજ ખતરનાક ટેવ છે. આના કારણે ઘણી બિમારીઓ આકર્ષિત થાય છે. ગરમ પાણી પીવાની સલાહ મોટાભાગના તબીબો આપે છે. સાથે સાથે મલેરિયા, ડેન્ગ્યુથી બચવા માટે ઘણી સાવચેતી રાખવી જોઈએ.

## શબ્દાવલી - ૫૧૧૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ■ | ૩ | ૪ |
| | ■ | ■ | ૫ | | ૬ | | |
| ૭ | | ૮ | ■ | ■ | | ■ | |
| | ■ | ૯ | ૧૦ | ૧૧ | | ■ | ■ |
| ■ | ૧૨ | | | | ■ | ૧૩ | ■ |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | ૧૬ |
| | ■ | ■ | ૧૭ | | | | |
| ૧૮ | | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. પોતાના ઉપર વીત્યું હોય તેને જાત.... કહેવાય (૪)
૩. ... આવવું, નદીઓમાં રેલ આવે (૨)
૫. ખળભળી જવું તે (૫)
૭. ગુલ્લી મારવી, ... મારવી (૩)
૯. બિરદાવવું, સન્માનવું (૪)
૧૨. સુગ બહુ ચડતી હોય તેવુ (૪)
૧૪. અંતિમ, છેલ્લું (૩)
૧૫. પાસુ, કરવટ (૩)
૧૭. વેરણ-છેરણ (૫)
૧૮. મહેમાનોની સરભરા કરનાર ઘરધણી (૪)

### ઊભી ચાવી

૧. ઓલિયો, સંસારનો મોહ ના હોય તેવો (૪)
૨. ઝેર (૨)
૩. ખડના ભારા, કડબના ભારા (૩)
૪. રટવું તે, ... કરવું (૩)
૬. ભરવાની ક્રિયા કરવી તે (૩)
૮. તણખો, તિખારો (૪)
૧૦. કેશ, મોવાળા (૨)
૧૧. જવાની ક્રિયા (૨)
૧૨. દુઃખ શબ્દનો વિરોધી શબ્દ (૨)
૧૩. જોડે-સાથે (૩)
૧૪. ભાવાર્થ, તાત્પર્ય (૩)
૧૫. પાવન, પાક (૩)
૧૬. ચેર, બેસવાની સીટ (૩)
૧૭. જીદ કરવી, ... કરવું (૨)

### શબ્દાવલી ૫૧૧૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) ચાંદની (૪) ન્યોચ્છાવર (૭) પરત (૮) વર (૯) પાણીદાર (૧૧) તુકારો (૧૩) નથ (૧૬) વળગણ (૧૭) પવિત્રા (૧૮) ગાબડા (૧૯) અવાવરૂ (૨૦) કતલ

**ઊભી ચાવી :-** (૧) ચાંપલુસી (૨) દર (૩) નીતરતું (૫) છાવણી (૬) વરદાન (૯) પારો (૧૦) રથયાત્રા (૧૨) કામણગારૂ (૧૪) પળવા (૧૫) લપડાક

# રાજયના ૧૮૭થી વધુ તાલુકામાં વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા.૧૪

રાજ્યના ૧૮૭ તાલુકાઓમાં મેઘમહેર યથાવત રહી છે. એક બાજુ દક્ષિણ ગુજરાતમાં ૧થી પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે જ્યારે મધ્ય ગુજરાતમાં બે ઈંચ સુધી વરસાદ અને ઉત્તરગુજરાતમાં એકથી છ ઈંચ વરસાદ નોધાયો છે. હળવાથી ભારે વરસાદના પરિણામ સ્વરૂપે તંત્ર સાવધાન રહ્યુ છે. છેલ્લા ૨૪ કલાકના રાજ્યના આંકડા પર નજર કરવામાં આવે તો કચ્છ જિલ્લાના અબડાસા, અંજાર, ભચાઉ, ભૂજ, ગાંધીગ્રામ, માંડવી, મુદ્રામાં વરસાદ નોંધાયો છે. જ્યારે ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના તાલુકાઓમાં પણ સારો વરસાદ થયો છે. જેમાં ચાણસ્મા, પાટણ, હારીજ, રાધનપુર, સંતરામપુર અને સિદ્ધપુરનો સમાવેશ થાય છે.

મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં પણ એક ઈંચથી વધુ વરસાદ થયો છે. ઉનામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ અને વડનગરમાં બે ઈંચ જેટલો વરસાદ થયો છે. કચ્છના ભચાઉમાં સૌથી વધુ સાડા છ ઈંચથી વધુ વરસાદ નોંધાતા ચારે બાજુ પાણી ભરાઈ ગયા હતા. મધ્ય ગુજરાતની વાત કરવામાં આવે તો દસક્રોઈ, દેત્રોજ, માંડલ, આણંદમાં હળવો વરસાદ થયો છે. પેટલાદમાં બે ઈંચની આસપાસ વરસાદ થયો છે.

આણંદ જિલ્લાના આંકલાવ, બોરસદ, સોજિત્રામાં પણ હળવો વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રની વાત કરવામાં આવે તો રાજકોટ જિલ્લાઓના તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. જેમાં ધોરાજી, માળીયા, રાજકોટ, વાંકાનેરનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે હજુ ભારે વરસાદ થવાની શક્યતા રહેલી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં છેલ્લા ત્રણેક દિવસથી ફરી એકવાર વરસાદનું જોર રહ્યુ છે જેમાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતનો સમાવેશ થાય છે.

## ગાંધી સેવાસદન... ● પહેલા પાનાનું ચાલુ

કરવાનું આયોજન વિચારાયું છે. જે ચાર ગામોમાં સેવા કેન્દ્રો પૂર્ણ થવાને આરે છે તેમાં બે ગાંધીનગર તાલુકાના અને બે માણસા તાલુકાના છે. ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ તેમજ ચિલોડાનું કામ લગભગ પૂર્ણ થવામાં છે. જ્યારે માણસા તાલુકાના આનંદપુરા અને દેલવાડ ગામે આ સેવા કેન્દ્રોનાં નિર્માણને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

જિલ્લામાં જે ૨૫ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો હાલ નિર્માણના જુદા જુદા તબક્કામાં છે તેમાં બે કેન્દ્રોની મંજુરી હમણાં જ આપવામાં આવી છે. આ ઉપરાંત બાકી રહેતા ૨૩માં ૧૮ ગામ માણસા તાલુકાના, ૪ દહેગામના, ગાંધીનગરનું એક ગામ છે. કલોલ તાલુકાના બે ગામોમાં હમણાં જ મંજૂરી આપવામાં આવી છે.

પંચાયતોના જુના અને જર્જરિત થયેલા કાર્યાલયોને સ્થાને આ નવા રાજીવ ગાંધી સેવા કેન્દ્રો ઉભા કરવા માટેનું આખુ અભિયાન હાથ ધરવાનો તંત્રએ નિર્ણય કર્યો છે. કેન્દ્ર પુરસ્કૃત મનરેગા યોજના તળે આ કેન્દ્રો જમીનની ઉપલબ્ધિ તેમજ પંચાયતની તૈયારીઓને ધ્યાને રાખી આગળ વધવા માટે તંત્રએ મન બનાવી લીધુ છે. ગ્રામ જાગૃતિ માટે ધારાસભ્યોને પણ સાથે રાખી ગ્રામસભા અભિયાનમાં આ અંગે પ્રસ્તાવ પસાર થાય તે જોવા તંત્રએ ખાસ મોનીટરીંગ કરવાનો પણ વ્યુહ અપનાવ્યો છે. જે સેવા કેન્દ્રોના કામો નિર્માણાધીન છે તેમાં ૧૧ કેન્દ્રોની કામગીરી ઘણી પ્રગતિકારક છે અને તે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થાય તેમ છે.

## રોનક વધી... ● છેલ્લા પાનાનું ચાલું

હોવાથી તેમાં પાણી છે કે નહી તેની ચિંતા કોઈને નથી. ગયા વર્ષે ચોમાસુ નબળુ રહ્યુ હતુ. આથી આ તળાવમાં પાણી ભરાયુ ન હતુ. પરંતુ આ વર્ષે શહેરમાં અત્યાર સુધી ૧૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાઈ ચુક્યો છે. શહેરમાં ઠેર ઠેર નાંખવામાં આવેલી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનનો છેડો સેક્ટર-૧ના તળાવ સાથે જોડેલો છે. સારા વરસાદના પગલે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન મારફતે સમગ્ર શહેરનું વરસાદી પાણી સેક્ટર-૧ના તળાવમાં એકત્ર થવાનું શરૂ થયું છે. વરસાદના પ્રથમ સ્પેલમાં જ તળાવમાં લગભગ એક દોઢ ફૂટ પાણી ભરાયું હતુ. વરસાદના નવા સ્પેલમાં પાણીમાં સ્વાભાવિક જ વધારો થયો છે. એક અંદાજ મુજબ ચાર ફૂટ કરતા વધુ પાણી તળાવમાં ભરાયું છે.

પાણીની આવક થતા તળાવ ખરેખર તળાવ જેવુ લાગી રહ્યું છે. નવા સેક્ટરોના વસાહતીઓ વરસાદી સીઝનને માણવા અહી ઉમટી પડે છે. સવારે અને સાંજે સ્થાનિક રહીશો વોકીંગ-જોગીંગ કરવા પણ આવે છે. યુવાનો માટે મિત્રો સાથે સમય પસાર કરવાનું આ નવુ હોટ ડેસ્ટીનેશન બની રહ્યું છે. હાલમાં અહી ફુડ કોર્ટનું કામ ચાલી રહ્યું છે. તળાવનું વિધિવત ઉદ્‌ઘાટન થયું ન હોવા છતાં વસાહતીઓ અહીંના નજારાને માણવા ભારે ભીડ જમાવે છે.